સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

R.N.I. No. 1689/57

પરંપરા પરિવર્તન ૨૦૦ વર્ષ પ્રગતિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૧ ■ Volume 65 ■ Issue 20

■ વિક્રમ સંવત ૨૦૭૮ ■ વૈશાખ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2021-23

રવિવાર, ૧૫ મે, ૨૦૨૨ (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ ૫ થી ૧૧

આંખોને ઠંડક આપી, દૃષ્ટિ સ્વચ્છ તથા નિરોગી રાખનારૂ

K-Veda ખોજાતી ત્રિ-ફલાંજન

મધ યુક્ત એકમાત્ર સ્ટરાઈલ અંજન ૧૨ વર્ષની ઉંમર પછી દરરોજ આંજવું

૩૫ વર્ષની ઉંમર પછી દૈરરોજ આંજવું

મોતિયો તથા ચશ્માનાં વધતા નંબર માટે આયુર્વેદ/યુનાની પુસ્તકોમાં ત્રિફળા વાપરવાની સલાહ આપવામાં આવે છે.

ખોજાતી આયુર્વેદ ફાર્મા ✆23462600/01/02

KHOJATI SINCE 1847 @kvedabykhojati @kvedacare www.kveda.com

Bijal Ads

## ઘઉંની નિકાસ પર પ્રતિબંધઃ ભાવ ઘટશે

મુંબઇઃ ઘઉંના વૈશ્વિક અગ્રણી નિકાસકાર દેશ રશિયા- યુક્રેન વચ્ચેના યુદ્ધથી ઘઉંના વૈશ્વિક ભાવમાં અંદાજે ૪૦ ટકાનો ઉછાળો આવતા ભારતમાંથી ઘઉંની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે અને નિકાસ વધતા સ્થાનિકમાં ઘઉંના ભાવ વધી આવતા બલ્ક વપરાશકારો ચિંતામાં મુકાઇ ગયા હતા. જોકે સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને ઘઉંની નિકાસ પર તાત્કાલિક ધોરણે અમલી બને તેમ પ્રતિબંધ મૂક્યો છે અને તેને લીધે ઘઉંના ભાવમાં એકાદ અઠવાડિયામાં ઘટાડો થવાની આશા છે.

જોકે અન્ય દેશોની અરજીને ધ્યાનમાં લઈ પાછી ન ખેંચી શકાય તેવી એલસી અર્થાત્ લેટર ઓફ ક્રેડિટ સાથે સરકાર ઘઉંની નિકાસ મંજૂર કરશે એમ નોટિફિકેશનમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ અત્યાર સુધીમાં ઘઉંના વૈશ્વિક ભાવ ૪૦ ટકા જેટલા વધી આવતા દેશની ઘઉંની નિકાસ પણ વધી હતી અને સ્થાનિક બજારોમાં પણ ભાવ વધી આવતા ફ્લોર મિલો સહિત બલ્ક વપરાશકારોની ચિંતામાં વધારો થતાં તેઓ તરફથી નિકાસ પ્રતિબંધ અંગે સરકારને રજૂઆતો કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર આ વર્ષે પંજાબ અને હરિયાણામાં ઘઉંની ઉપજ ઓછી રહેતા દેશમાં ઘઉંનું ઉત્પાદન પણ ગત સાલ કરતા ઓછું રહે તેમ હોવાથી ભાવવધારો તીવ્ર બન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ભારતે તાત્કાલિક ધોરણે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, પરંતુ નોટિફિકેશન જાહેર કર્યાની તારીખ પૂર્વે જે લેટર ઑફ ક્રેડિટ (એલસી) જારી કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં ડ્રગ્સ પકડાયું

magic mirror
Bridal Lehenga | Art Jewellery
Shifted At:
Corner of Khar Subway, S.V. Road
Santacruz(W)-Mumbai-400054
+91-7045536337

અમદાવાદઃ ગુજરાત ક્રાઈમ બ્રાન્ચે કેટામાઈન હાઈડ્રોક્લોરાઈડ (ડેટ રેપ ડ્રગ્સ)નો જથ્થો પકડ્યો હતો. આ કન્સાઈન્મેન્ટ રાજસ્થાનથી ગુજરાત વાટે અમેરિકા જઈ રહ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અગાઉથી મળેલી માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચે ફોરેન પોસ્ટ ઓફિસને રાજસ્થાનના પુષ્કરથી મોકલવામાં આવેલા પાર્સલની તપાસ કરવા જણાવ્યું હતું. આ પાર્સલ રાજસ્થાનથી નવસારી પહોંચાડવામાં આવ્યું હતું. જ્યારે આ પાર્સલને તપાસવામાં આવ્યું ત્યારે તેમાં સફેદ પાઉડર બનેલા બે પ્લાસ્ટિક બોક્સ, કપડાં અને કોસ્ટમેટિક્સ મળ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▸▸

જૂના સોના તથા ચાંદીના દાગીના ખરીદનાર
Approved valuers by Govt of India
Jayantilal Maansurbhai & Co Since 1979
ઘટ કાપ્યા સિવાય IMMEDIATE PAYMENT મળશે.
Gold ₹.51800/- 24 CT
દુકાન નં. ૧ અને ૨, સુરશ્રી એપાર્ટમેન્ટ, રામ મારુતી રોડ, શિવપ્રસાદ હોટલ ની બાજુમાં, કારેકર જ્વેલર્સ ની સામે, નવપાડા, ઠાણે (પ.) 8369568368
દુકાન નં.૪, ચંદ્રલોક સી.એચ.એસ., એલ.ટી. રોડ, મનુભાઇ જ્વેલર્સ ની સામે, બોરીવલી (પ.)
૧૨ બી, પટેલ શોપીંગ સેંટર, ચંદાવરકર રોડ, બેંક ઓફ ઇન્ડિયા ની બાજુમાં, રાજમહેલ હોટલ ની ગલ્લી માં, બોરીવલી (પ.) 9867272753

## મુંબઈને મહારાષ્ટ્રથી અલગ થવા નહિ દઈએઃ ઉદ્ધવ

મુંબઈઃ શિવસેનાના વડા અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને શનિવારે જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે અમે મુંબઈને ક્યારેય મહારાષ્ટ્રથી અલગ થવા નહિ દઇએ.

તેમણે કોવિડ-૧૯ના રોગચાળા પછીની પોતાની પ્રથમ જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે અમે હિંદુત્વના મુદ્દાને ક્યારેય નહિ છોડીએ. અમે કોઇ પણ પક્ષ સાથે યુતિ કરીશું, પરંતુ હિંદુત્વના મુદ્દાને વળગી રહીશું.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે દેશમાં કાશ્મીરી પંડિતો અસુરક્ષિત છે અને અન્ય બિનજરૂરી લોકોને કેન્દ્ર સરકાર 'ઝેડ-પ્લસ' સુરક્ષા આપે છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતનું ડૉક્ટર દંપતી માઉન્ટ ઍવરેસ્ટ સર કરનાર પ્રથમ

કાઠમંડુઃ માઉન્ટ ઍવરેસ્ટ સર કરનાર પ્રથમ ડૉક્ટર દંપતી બનીને ગુજરાતના દંપતીએ શુક્રવારે ઈતિહાસ રચ્યો હતો. ડૉ. હેમંત લલિતચંદ્ર લેઉઆ અને તેમનાં પત્ની સુરભીબેન હેમંત લેઉઆ શુક્રવારે સવારે ૮:૩૦ વાગે માઉન્ટ એવરેસ્ટ પર ૮,૮૪૯ મીટર (૨૯,૦૩૨ ફૂટ)ની ઊંચાઈએ ઊભા રહ્યાં હતાં.

આ સાથે જ દંપતી વિશ્વના સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટને સર કરનાર પ્રથમ ભારતીય ડૉક્ટર દંપતી બન્યું હતું, એમ સાતોરી ઍડ્વેન્ચર ખાતે મેનેજિંગ ડિરેક્ટરે કહ્યું હતું. ડૉ. હેમંત એનએચએલ મ્યુનિસિપલ મૅડિકલ કૉલેજ ખાતે પ્રોફેસર છે અને તેમનાં પત્ની સુરભીબેન ગુજરાત વિદ્યાપીઠ ખાતે ચીફ મૅડિકલ ઑફિસર તરીકે કામ કરે છે. પર્યાવરણની સુરક્ષાના સંદેશા સાથે દંપતીએ માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.■

## જ્ઞાનવાપીની વીડિયોગ્રાફી શરૂ કરાઈ




**સઘન સુરક્ષાઃ** વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદના સંકુલમાં શનિવારે શરૂ કરાયેલા વીડિયોગ્રાફિક સર્વેક્ષણ વખતે અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખવા અંદાજે દોઢ હજાર પોલીસ ગોઠવવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

વારાણસીઃ જ્ઞાનવાપી મસ્જિદનું વીડિયોગ્રાફી દ્વારા સર્વેક્ષણ શનિવારે ફરી શરૂ કરાયું હતું અને તે દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ નહોતો બન્યો અને શાંતિ જળવાઇ રહી હતી. આ મસ્જિદના વ્યવસ્થાપકોએ સ્થાનિક અદાલત દ્વારા નિમાયેલી ટીમને આ કાર્યમાં સહકાર આપ્યો હતો.

અદાલતના આદેશથી નિમાયેલી ટીમે શનિવારે શરૂ કરેલું જ્ઞાનવાપી મસ્જિદનું સર્વેક્ષણ રવિવારે પણ ચાલુ રહેશે. અદાલતે આ સર્વેક્ષણનો અહેવાલ મંગળવારે પોતાને સુપરત કરવા આદેશ આપ્યો હતો.

સર્વેક્ષણ વખતે હિંસા ન ફેલાય તેનું ધ્યાન રાખવા માટે અંદાજે દોઢ હજાર પોલીસ મસ્જિદની આસપાસ ગોઠવાયા હતા. શનિવારે

(જુઓ પાનું ૨) ▸▸

## અમરનાથ યાત્રા ખોરવવાનો પાકનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો

જમ્મુઃ અહીં થોડા દિવસમાં શરૂ થનારી અમરનાથ યાત્રા ખોરવી નાખવાના પાકિસ્તાનના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સરહદે શનિવારે સવારે પાકિસ્તાન બાજુએથી ડ્રોનને આવતું નિહાળી બૉર્ડર સિક્યોરિટી ફૉર્સે ગોળીબાર કર્યો હતો, જેને કારણે ડ્રોનને પાછા ફરવાની ફરજ પડી હતી.

ડ્રોનમાંથી કોઈ શસ્ત્ર કે ડ્રગ્સ ફેંકવામાં ન આવ્યા હોય તેની ખાતરી કરવા એ વિસ્તારમાં સઘન તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીએસએફના જવાનોએ શનિવારે વહેલી સવારે ૪:૪૫ વાગે અર્નિયા વિસ્તારના આકાશમાં લાઈટ ચમકતી જોઈ હતી અને તાત્કાલિક તેમણે એ દિશામાં ગોળીબાર કરતાં પાકિસ્તાન બાજુએથી આવી રહેલા ડ્રોનને પાછા

(જુઓ પાનું ૨) ▸▸

## આઈપીએલનું પાકિસ્તાનથી મૅચ-ફિક્સિંગ?

નવી દિલ્હીઃ પાકિસ્તાનથી મળેલી માહિતીને આધારે સીબીઆઈએ આઈપીએલની મૅચના કથિત ફિક્સિંગને મામલે સાત જણને અટકાયતમાં લીધા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

આઈપીએલ મૅચ ફિક્સિંગને મામલે સીબીઆઈએ દિલ્હી, હૈદરાબાદ, જયપુર, જોધપુરસ્થિત જુદા જુદા સાત સ્થળે દરોડા પાડ્યા હતા. દિલ્હીથી એક અને હૈદરાબાદથી બે સહિત કુલ સાત શંકાસ્પદ બૂકીને અટકાયતમાં લીધા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

સીબીઆઈએ આ મામલે દાખલ કરેલા એફઆઈઆરમાં દિલ્હીના રોહિણી વિસ્તારમાં રહેતા દિલીપકુમાર અને હૈદરાબાદમાં રહેતા ગુરામ વાસુ અને ગુરામ સતીશના નામનો સમાવેશ કર્યો હતો.

સીબીઆઈએ આ મામલે દેશવ્યાપી તપાસ આરંભી છે. સીબીઆઈને માહિતી મળી હતી કે ક્રિકેટના સટ્ટામાં સક્રિય સટોડિયાઓનું એક નૅટવર્ક આઈપીએલની મૅચના પરિણામને પ્રભાવિત કરી રહ્યું છે.

આ નૅટવર્ક વર્ષ ૨૦૧૩થી સક્રિય છે અને લોકોને સટ્ટો કરવા માટે ઉશ્કેરી તેમની સાથે છેતરપિંડી કરે છે. વર્ષ ૨૦૧૦થી રાજસ્થાનથી પણ મૅચ ફિક્સિંગનું આ નૅટવર્ક ચલાવવામાં આવતું હતું. બૅંક અધિકારીઓ સાથે સાઠગાંઠ કરી બનાવટી ઓળખપત્રની મદદથી કેવાયસી કરી આ લોકો બનાવટી બૅંક ખાતા ખોલાવે છે. સટ્ટા મારફતે ભારતના લોકો પાસેથી મળેલા રૂપિયા તેઓ હવાલા મારફતે વિદેશસ્થિત તેમના સાગરીતોના ખાતામાં ટ્રાન્સફર કરે છે. (એજન્સી) ■




## ત્રિપુરાના નવા સીએમ માણિક સાહા બનશેઃ વિપ્લવ દેવનું રાજીનામું

*અગરતલા:* ત્રિપુરાના નવા મુખ્ય પ્રધાન તરીકે માણિક સાહાને પસંદ કરાયા છે. ભારતીય જનતા પક્ષના ત્રિપુરા એકમના મતભેદોને પગલે વિપ્લવકુમાર દેવે રાજીનામું આપતાં વિધાનસભા પક્ષે નવા મુખ્ય પ્રધાનની વરણી કરી હતી. શનિવારે સાંજે પક્ષના કેન્દ્રીય નિરીક્ષકો વિનોદ તાવડે અને ભૂપેન્દર યાદવની હાજરીમાં યોજાયેલી વિધાનસભ્યોની બેઠકમાં ભાજપ ત્રિપુરા વિધાનસભાપક્ષના નેતા તરીકે માણિક સાહા ચૂંટાયા હતા. વિપ્લવકુમારના અનુગામી તરીકે ત્રિપુરાના રાજવી પરિવારના સભ્ય અને નાયબ મુખ્ય પ્રધાન જિષ્ણુદેવ વર્માનું નામ પણ ચર્ચાતું હતું. અગાઉ, મુખ્ય પ્રધાન વિપ્લવકુમાર દેવે શનિવારે હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું. રાજ ભવન ખાતે રાજ્યપાલ એસ.એન.આર્યને મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું સુપરત કર્યા બાદ વિપ્લવકુમારે એ બાબતની જાણ પ્રસાર માધ્યમોને કરી હતી. અગાઉ વિપ્લવકુમારે નવી દિલ્હી જઇને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના પ્રમુખ જે.પી.નડ્ડા સાથે રાજ્યમાં પક્ષની આંતરિક ગતિવિધિઓની ચર્ચા કર્યા બાદ અગરતલા પાછા આવીને રાજીનામુ આપવાનો નિર્ણય લીધો હતો. ભાજપના ત્રિપુરા એકમમાં આંતરિક વિખવાદને પગલે મુખ્ય પ્રધાન બદલાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. (એજન્સી)■

## મુંબઈમાં મંગળવારે બે સબમરીન તરતી મુકાશે

નવી દિલ્હીઃ મુંબઈમાં મંગળવાર ૧૭મી મેએ બે યુદ્ધનૌકા 'સૂરત' અને 'ઉદયગીરી' તરતી મુકાશે.

સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ દ્વારા માઝગાંવ ડૉક ખાતે પ્રથમ જ વાર બે યુદ્ધનૌકા તરતી મુકાશે.

ભારતીય નૌકાદળમાં મુકરર સમયમર્યાદામાં યુદ્ધનૌકા નિવૃત્ત થતી હોવાને કારણે નવી યુદ્ધનૌકાઓનો સમાવેશ કરવામાં આવે છે. બદલાતા સમય અને સંજોગો તેમ જ બદલાતી ટેક્નૉલોજી તેમ જ યુદ્ધની રણનીતિ પ્રમાણે અનેક જરૂરી ફેરફાર કરી નવી યુદ્ધનૌકાઓ તૈયાર કરવામાં આવે છે.

દેશના વિવિધ ડૉક પર યુદ્ધનૌકા તૈયાર કરવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. (એજન્સી) ■

## શિવસેનાના વિધાનસભ્ય દળવીને બે વર્ષની જેલ

અલીબાગઃ વર્ષ ૨૦૧૩ના હુમલાને લગતા કેસને મામલે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લા અદાલતે શિવસેનાના સ્થાનિક વિધાનસભ્ય મહેન્દ્ર દળવીને બે વર્ષની જેલની સજા કરી હતી. જિલ્લા ન્યાયાધીશ વિભા ઈંગલેએ અલીબાગના એમએલએ દળવી અને તેમના અનુયાયી અનિલ. એચ. પાટીલ, અંકુશ પાટીલ તેમ જ અવિનાશ મ્હાત્રેને શુક્રવારે દોષી જાહેર કર્યા હતા.

વર્ષ ૨૦૧૩માં જિલ્લાના થાલ વિસ્તારમાં બાબુ ઉર્ફે સલીમ લાલાસાહેબ ડીગી સાથે મારપીટ કરવાનો તેમના પર આરોપ હતો. આઈપીસીની કલમ ૩૨૪ (હુમલા) તેમ જ અન્ય સંબંધિત જોગવાઈઓ અંતર્ગત તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

પોલીસે તેમની વિરુદ્ધ એસસી-એસટી (પ્રિવેન્શન ઑફ એટ્રોસિટી) ઍક્ટનું શસ્ત્ર પણ ઉગામ્યું હતું, પરંતુ એ ઍક્ટ હેઠળના તેમની વિરુદ્ધના આરોપો પુરવાર નહોતા થયા. પ્રત્યેક આરોપીને રૂ. ૨૭,૫૦૦નો દંડ કરવામાં આવ્યો હોવાનું પણ કૉર્ટે કહ્યું હતું. દળવીને અરજીને મામલે કૉર્ટે ચુકાદાના અમલ પર સ્ટે આપ્યો હતો, જેથી કરીને તે અપીલમાં જઈ શકે. (એજન્સી) ■

## મધ્ય પ્રદેશમાં શિકારીઓના ગોળીબારમાં ત્રણ પોલીસ શહીદ

*ભોપાળ:* શનિવારે પરોઢ પૂર્વે ત્રણ વાગ્યે મધ્ય પ્રદેશના ગુણા જિલ્લાના એક ગામમાં કાળિયાર હરણના શિકારીઓએ કરેલા ગોળીબારમાં ત્રણ પોલીસ જવાન શહીદ થયા હતા. રાજ્યના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાએ જણાવ્યું હતું કે ગુણા જિલ્લાના આરોન પોલીસ સ્ટેશનના ક્ષેત્રમાં શાહરોક રોડ પર સાગા બરખેડા ગામની પાસે આ ઘટના બન્યા પછી મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠકમાં ઘટનાસ્થળે

(જુઓ પાનું ૨) ▸▸

## દેશનું અર્થતંત્ર ચિંતાજનક સ્થિતિમાંઃ ચિદમ્બરમ્

*ઉદેપુર:* કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણાં પ્રધાન પી.ચિદમ્બરમે દેશના અર્થતંત્રની સ્થિતિ બાબતે ચિંતા વ્યક્ત કરતાં વૈશ્વિક અને ઘરઆંગણેની ગતિવિધિઓને ધ્યાનમાં લઈને આર્થિક નીતિઓને ફરી સક્ષમ અને સદ્ધર બનાવવાની જરૂરિયાત દર્શાવી હતી. તેમણે ફુગાવો, બેરોજગારી અને દેશના અર્થતંત્ર પર બાહ્ય પરિબળોના પ્રભાવની પણ ચર્ચા કરી હતી. ચિદમ્બરમ આ શિબિર માટે આર્થિક બાબતોની વિચારણા માટેના જૂથના સંયોજક છે. પક્ષના નેતા કે. રાજૂએ જણાવ્યું હતું કે કૉંગ્રેસ સંગઠનમાં તમામ સ્તરે અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ, અન્ય પછાત વર્ગો (ઓબીસી) અને લઘુમતીઓનું પ્રતિનિધિત્વ વધારીને ૫૦ ટકા કરવાની દરખાસ્ત પર પણ શિબિરમાં વિચારણા કરવામાં આવશે.

ઉદેપુરમાં કૉંગ્રેસની ત્રણ દિવસની 'નવસંકલ્પ ચિંતન શિબિર' દરમિયાન ચિદમ્બરમે શનિવારે એક પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. ચિદમ્બરમે પત્રકાર પરિષદમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધોની વ્યાપક સમીક્ષા અને જૂના વેરા હટાવીને ગૂડ્સ ઍન્ડ સર્વિસિસ

(જુઓ પાનું ૨) ▸▸

લુકમાને હયાત તેલ®
LOOKMAN-E-HAYAT TEL
દાઝવા, કપાવા, મુઢમાર, મરડાઈ જવા, દુઃખાવો, સોજો, હરસ, જખ્મ તથા માલીશ માટે અસરકારક
Mfg. By: M.U Amzelia, MUMBAI. • Tel.: 022-23441456 • www.lookmanehayattel.com | દરેક સ્ટોર્સ અને કેમિસ્ટમાં ઉપલબ્ધ